ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા. ૨-૧૨-૧૮

Bjp4gujarat

**પેપરલીક બાબતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીએ તાકીદે ઉચ્ચ સ્તરીય તપાસનાં આદેશો આપ્યાં છે.**

**હવે લેનાર પરીક્ષામાં ઘરથી પરીક્ષા કેન્દ્ર સુધી.આવવા.જવા નુ એસ.ટી. બસ ભાડુ રાજય સરકાર તરફથી આપવામાં આવશે.તેવી મુખ્યમંત્રીશ્રીએ સંવેદનશીલ જાહેરાત કરી છે.**

**"પરીક્ષા નિષ્પક્ષ અને ન્યાયી રીતે લેવામાં આવે "તેવો સરકારનો પણ ઈરાદો અને લાગણી પરીક્ષાર્થીઓની લાગણી અને સંવેદના સાથે છે.તેથી પરીક્ષા રદ કરી છે.-ભરત પંડયા**

**સરકારને કોઈપણ પ્રકારનું કોઈનું પણ ખોટું ચલાવી લેવું નથી.-ભરત પંડયા**

**કોંગ્રેસ સંવેદનાનાં મુદ્દાને રાજકીય બનાવવાનો પ્રયાસ ન કરે અને જુઠા આક્ષેપો બંધ કરે.-ભરત પંડયા**

ભાજપનાં પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે પેપરલીકની ઘટના કમનસીબ અને પરીક્ષાર્થીઓ માટે પીડાદાયક છે.તેથી જ તેની ગંભીરતા સમજીને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીએ તાકીદે ઉચ્ચ સ્તરીય તપાસનાં ગૃહવિભાગને આદેશો આપ્યાં છે.તેમણે આ ઘટના માં સંડોવાયેલા કસૂરવારો સામે સખત માં સખત કાર્યવાહી કરવા પણ ગૃહ વિભાગ ને સ્પષ્ટ સુચના આપી છે.અને

**આજે રાજ્યમાં લોકરક્ષકની ભરતી માં પેપર લીક થવાથી રદ થયેલ પરીક્ષા** હવે જ્યારે ફરીથી લેવામાં આવશે ત્યારે આજની પરીક્ષા ના તમામ ઉમેદવારોને તેમના ઘરથી પરીક્ષા કેન્દ્ર સુધી.આવવા.જવા નુ એસ.ટી. બસ ભાડુ રાજય સરકાર તરફથી આપવામાં આવશે.તેવી મુખ્યમંત્રીશ્રીએ સંવેદનશીલ જાહેરાત કરી છે.

જે લોકોની પેપરલીક કરવામાં કોઈપણ પ્રકારની ભૂમિકા હશે તેનાં પર સરકાર કડકમાં કડક પગલાં લેશે.કારણ કે સરકારને કોઈપણ પ્રકારનું ,કોઈનું પણ ખોટું ચલાવી લેવું નથી.ત્યારે કોંગ્રેસ સંવેદના નાં મુદ્દાને રાજકીય બનાવવાનો પ્રયાસ ન કરે. અને જુઠા આક્ષેપો બંધ કરે.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે તમામ પરીક્ષાર્થીઓની સ્વાભાવિક લાગણી એવી હોય કે પરીક્ષા નિષ્પક્ષ અને ન્યાયી રીતે લેવામાં આવે.

**સરકારનો પણ ઈરાદો અને લાગણી પરીક્ષાર્થીઓની લાગણી અને સંવેદના સાથે છે.**

પેપરલીક થયાં પછી પરીક્ષા ન્યાયી રીતે લઈ ન શકાય. જો પરીક્ષા ચાલુ રાખી હોત તો જે લોકોએ રાત-દિવસ મહેનત, પરીશ્રમ કર્યો હોય તેને અન્યાય થાય. તેથી સરકારે કોઈપણ પરીક્ષાર્થીઓને અન્યાય ન થાય , પરીશ્રમી પરીક્ષાર્થીઓનો અધિકાર જળવાઈ રહે તે માટે સંપૂર્ણ પારદર્શિતાથી લેવામાં આવે તે હેતુથી પરીક્ષા મોકૂફનો નિર્ણય લેવામાં આવ્યો છે. અને હવે લેવાનાર પરીક્ષામાં તમામ પરીક્ષાર્થીઓને ઘરથી પરીક્ષા કેન્દ્રનું ભાડુ આપવાની મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યું છે.તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.